**<u>નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭.</u>**

સાંભળવાની ક્ષતિ (HEARING IMPAIRMENT) ધરાવતા દિવ્યાંગજનો માટે શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત સ્નાતકની પદવી આપતી કોલેજોમાં સાઇન લેંગ્વિજ ઇન્ટરપ્રિટર વ્યાખ્યાતાની સેવાઓ લેવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/AWR/e-file/17/2025/3032/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૪/૨૦૨૬.

30 APR 2026

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૭/૦૨/૨૦૨૬નો પત્ર નં.DSD/NIT/e-file/226/2025/1014/Planning Branch.

**આમુખ-**

ભારત સરકાર દ્વારા દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬, ૧૯ એપ્રીલ ૨૦૧૭થી અમલીકૃત થયેલ છે. આ અધિનિયમની કલમ-૨(ZC)થી દિવ્યાંગતાના ૨૧ પ્રકારો નક્કી કરવામાં આવેલ છે. જેમાં સાંભળવાની ક્ષતિ (HEARING IMPAIRMENT) દિવ્યાંગતાનો પણ સમાવેશ કરેલ છે. હાલ રાજયમાં સાંભળવાની ક્ષતિ ધરાવતા ૩૨૦૨૩ જેટલા દિવ્યાંગજન ભારત સરકારના યુડીઆઇડી પોર્ટલ પર નોંધાયેલ છે એટલે કે તેઓ સિવિલ સર્જન દ્વારા આપેલ દિવ્યાંગતા પ્રમાણપત્ર ધરાવે છે. જે પૈકી ૪૦ વર્ષથી નીચેની વય જુથના દિવ્યાંગજનની સંખ્યા ૧૨૪૧૧ જેટલી છે.

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬ની કલમ-૧૬ થી ૧૮ મુજબ શિક્ષણ આપવા અંગેની જોગવાઇ થયેલ છે. પરંતુ સાંભળવાની ક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ એટલે કે ધોરણ ૧૨ પછી તેઓની દિવ્યાંગતાને અનુરૂપ સ્નાતક કક્ષાના અભ્યાસ માટે જરૂરી વ્યવસ્થાઓ પુરતી માત્રામાં ઉપલબ્ધ હોય તેવું જણાતું નથી, જેના કારણે તેઓને ઉચ્ચ અભ્યાસ માટેની તકો ઓછી હોવાથી તેમના વિકાસની અને સરકારી નોકરીઓમાં ઉમેદવારી નોંધવાની તકો સીમિત થાય છે. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ની કલમ-૩૪(૧)મુજબ રાજય અને કેંદ્ર સરકાર દ્વારા દિવ્યાંગજનો માટે ૪% અનામતની જોગવાઇ સરકારી નોકરીઓમાં કરવામાં આવેલ છે. જે પૈકી ૧% સાંભળવાની ક્ષતિ (HEARING IMPAIRMENT) ધરાવતા દિવ્યાંગજન માટે અનામત રાખેલ છે. સામાન્ય વહીવટ વિભાગના તા-૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત રાજ્યની સરકારી નોકરીઓમાં અનામત અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. સરકારી ભરતીમાં સામાન્ય રીતે લઘુત્તમ લાયકાતમાં સ્નાતક કક્ષાની કરેલી છે. પરંતુ સાંભળવાની ક્ષતિ ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને સ્નાતક કક્ષાના અભ્યાસ માટે પુરતી માત્રામાં કોલેજ ન હોઇ તેઓ આ અનામતની જોગવાઇનો લાભ મેળવી શકતા નથી.

વધુમાં આવા બાળકોના વાલીઓની સાંભળવાની ક્ષતિ (HEARING IMPAIRMENT) ધરાવતા દિવ્યાંગ બાળકો માટે સ્પેશ્યલ કોલેજ શરૂ કરવાની રજુઆત માન.મુખ્યમંત્રીશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.), સચિવશ્રી- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને વારંવાર આવતી હોય છે. તેથી આવા બાળકો માટે રાજ્યમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે બેચરલ ઓફ આર્ટસ ક્ષેત્રે કાર્યરત શિક્ષણ વિભાગ હેઠળની ૦૪ કોલેજો માટે સ્પે બી.એડ. ઇન હિયરીંગ ઇમ્પેયર્ડની શૈક્ષણિક લાયકાત તથા વેલિડ CRR નંબર ધરાવતા સાઇન લેંગ્વિજ ઇન્ટરપ્રિટર વ્યાખ્યાતાની સેવાઓ લેવા બાબતે વર્ષ ૨૦૨૬-૨૭ના

અંદાજપત્રમાં કુલ રૂ.૦.૧૭/- કરોડની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે સાંભળવાની ક્ષતિ (HEARING IMPAIRMENT) ધરાવતા દિવ્યાંગજનો માટે શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત સ્નાતકની પદવી આપતી કોલેજોમાં સાઇન લેંગ્વિજ ઇન્ટરપ્રિટર વ્યાખ્યાતાની સેવાઓ લેવા બાબતની વર્ષ ૨૦૨૬-૨૭ની કુલ રૂ.૦.૧૭/- કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

કોલેજ દીઠ ૦૨ માનદવેતનથી તાસદીઠ સાઇન લેંગ્વિજ ઇન્ટરપ્રિટર લેવાના રહેશે. આ સેવકોની સેવા માટેની પ્રક્રિયા જે તે કોલેજ દ્વારા કરવાની રહેશે. આ માટે નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્વારા બજેટ જોગવાઇ કરાવવામાં આવશે અને તે સંબંધિત કોલેજને ફાળવવામાં આવશે. સંબંધિત કોલેજે આ બાબતે નિયમોનુસારનો ખર્ચ કરવાનો રહેશે તથા આ અંગેના યુ.ટી.સી. નિયામકશ્રી સમાજ સુરક્ષાને રજુ કરવાના રહેશે.

આ ૦૮ માનદવેતનથી તાસદીઠ સાઇન લેંગ્વિજ ઇન્ટરપ્રિટર વ્યાખ્યાતાની બજેટ જોગવાઇ નીચે મુજબ રહેશે.

| ક્રમ | કોલેજની સંખ્યા | કોલેજદીઠ વ્યાખ્યાતાની સંખ્યા | કુલ વ્યાખ્યાતાની સંખ્યા | તાસદીઠ માનદવેતન | દિવસના તાસની સંખ્યા | કુલ માસિક ખર્ચ (૧ વ્યાખ્યાતા ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૪ | ૦૨ | ૦૮ | ૫૦૦/- | 03 | ૫૦૦*3*૨૪ = 36000 |

શરતો:

1. ઉક્ત સેવાઓ વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
2. ઉક્ત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરી જગા ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. ઉક્ત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. નિયામકશ્રી સમાજ સુરક્ષાએ તેમજ સંબંધિત કોલેજે રાજ્ય સરકારની પ્રવર્તમાન કરાર આધારીત સેવાઓની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત કોલેજની તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષાની રહેશે.
5. મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
6. ઉક્ત સેવાઓ મેળવવા માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
7. ઉક્ત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

8. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
9. પ્રસ્તુત બાબત માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
10. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
11. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
12. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
13. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
14. સ્નાતકની પદવી આપતી કોલેજોમાં સાઇન લેંગ્વિજ ઇન્ટરપ્રિટર વ્યાખ્યાતાની સેવા માટે કોલેજોની પસંદગી અલગથી કરવામાં આવશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.